# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

વિષયઃ ફરીયાદ /મુંઝવણો/મુશ્કેલીઓના નિવારણ અંગેના માર્ગદર્શન માટે સેલની રચના કરવા બાબત

સંદર્ભઃ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં પરિપત્ર ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તાઃ ૨૪/૦૫/૨૦૨૦

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, તમામ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવથી મળેલ સુચના અન્વયે કુલસચિવ કાર્યાલયની તા.૨૯/૦૫/૨૦૨૦ની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ની પરીક્ષાઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની પ્રવેશ સબંધિત ફરીયાદ/મુંઝવણોના નિવારણ માટે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે **"કોવીડ-19: પરીક્ષા/પ્રવેશ પ્રવૃત્તિ સેલ"** ની રચના કરવામાં આવેલ છે.સદર સેલમાં નીચે મુજબ ચેરમેનશ્રી તથા સભ્યશ્રીઓની નિયુકિત કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાનાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ની આગામી પરીક્ષાઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની પ્રવેશ સબંધિત ફરીયાદ/મુંઝવણો/મુશ્કેલોઓના નિવારણ અંગે યુનિવર્સિટીના કચેરી સમય (સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦) દરમ્યાન ફોનનંબર ૦૨૮૫–૨૬૮૧૪૦૦, ૦૨૮૫–૨૬૮૧૫૧૦ , ૦૨૮૫–૨૬૮૧૫૦૯) નંબર પર ફોન કરી માર્ગદર્શન મેળવી શકશે.

વધુમાં પરીક્ષા/પ્રવેશ સંબંધિત પ્રશ્નોનાં નિવારણ માટે ઈમેઈલ દ્વારા માહિતી/માર્ગદર્શન મેળવી શકાશે.

(Email: covidhelpdesk@bknmu.edu.in)

| ક્રમ | સભ્યશ્રીનું નામ | કોલેજ,વિભાગ,અનુસ્નાતક ભવનનું નામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧ | પ્રો(ડૉ.) અતુલ એચ. બાપોદરા | **OSD** (પરીક્ષા)<br>ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ | ચેરમેન |
| ૨ | ડૉ. મયંક એચ. સોની | કા.કુલસચિવ,<br>ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ. | સભ્ય |
| ૩ | ડૉ.ડી.એચ. સુખડીયા | પરીક્ષા નિયામક<br>ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ. | સભ્ય |
| ૪ | ડૉ. નયના વાય. ત્રિવેદી | સભ્યશ્રી,<br>બોર્ડ ઓફ ગવર્નર્સ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ. | સભ્ય |
| ૫ | ડૉ.જય ત્રિવેદી | સભ્યશ્રી,<br>એકઝીકયુટીવ કાઉન્સિલ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ | સભ્ય |
| ૬ | ડૉ. રાજેશ ડોડીયા | આચાર્યશ્રી, સરકારી વિનિયન કોલેજ,વંથલી | સભ્ય |
| ૭ | ડૉ. બલરામ ચાવડા | આચાર્યશ્રી,<br>ડૉ. સુભાષ મહિલા આર્ટ્સ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ,જૂનાગઢ. | સભ્ય |
| ૮ | ડૉ. દિનેશ ઢઢાણીયા | આચાર્યશ્રી,<br>શ્રી એમ.એમ.ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જૂનાગઢ. | સભ્ય |

કા. કુલસચિવ

નં. : બીકેએનએમયુ/રજી/૨૯૯/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.તા.૨૯/૦૫/૨૦૨૦

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ,અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી ૨.પરીક્ષા વિભાગ ૩.એકેડેમિક વિભાગ ૪. તમામ સભ્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)